

# કાળઝાળ ઉનાળો શરૂ થાય તે પહેલાં તંત્રની અગ્નિ પરીક્ષા



શિયાળો વિદાય થવાના અણસાર છે. છેલ્લા ૨ દિવસથી તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે ત્યારે ઉનાળામાં તંત્રની અગ્નિ પરીક્ષા જેવી સ્થિતિ છે. ઓછો વરસાદ અને પાણીનો વપરાશ વધતાં તળ ઉંડાં જતાં ગ્રામ્ય વિસ્તારમાં વાસ્તવિક સ્થિતિ શું છે..?? તે આવનારા સમય દરમ્યાન બહાર આવશે. સાબરકાંઠા, અરવલ્લી પાણી પુરવઠા વિભાગ દ્વારા ખોટકાયેલા હેન્ડપંપ ચાલુ કરવા માટે ૧૮ ટીમો કામે લાગ્યાનું જણાવ્યું છે.

જિલ્લામાં ગત ચોમાસુ નબળું રહેતાં ઉનાળો શરૂ થાય તે પહેલાં જ જળાશયો, તળાવ અને ચેકડેમમાંથી પાણી અદ્રશ્ય થઈ રહ્યા છે. જિલ્લાના તમામ ચેકડેમ સૂકાભઠ્ઠ થયા છે. ૮૦૦ થી વધુ તળાવ સૂકાઈ ગયા છે. અન્ય ૨૫૦ તળાવોમાં માંડ ૨૫ ટકા પાણીનો જથ્થો છે. એસ.કે.-

## હેન્ડપંપના પાણી શુદ્ધ કે અશુદ્ધ - કોઈ દરકાર નથી...

જિલ્લાના અનેક વિસ્તારોમાં પાણી દૂષિત હોવાની ફરિયાદો છે. પાણી પુરવઠા વિભાગ હેન્ડપંપ ઉભો કર્યા પછી પોતાનું લક્ષ્યાંક સિદ્ધ થયાના દાવા કરે છે. પરંતુ હેન્ડપંપમાં આવતું પાણીમાં કેટલી માત્રામાં ક્ષાર છે તેની ચકાસણી ભૂલી રહ્યું છે. પાણી પુરવઠામાં સરકાર કરોડોની ગ્રાન્ટ ફાળવે છે પરંતુ અધિકારીઓ પોતાની ચેમ્બરમાં આખો દિવસ કોન્ટ્રાક્ટરી સાથે જ ગોષ્ટી કરતા જોવા મળ્યા છે.

**જિલ્લામાં ખોટકાયેલા હેન્ડપંપ...**

| જિલ્લો | ખોટકાયેલા હેન્ડપંપ |
|---|---|
| સાબરકાંઠા | ૫૨૮ |
| અરવલ્લી | ૮૫૮ |

ગામે ગામથી તળાવો ભરવાની માંગ તંત્ર સમક્ષ આવી રહી છે, પરંતુ તંત્ર પણ લાચાર હોય તેવું ચિત્ર છે. બંને જિલ્લાના ૧૪ તાલુકામાં જાન્યુઆરીના અંત સુધીમાં અનેક હેન્ડપંપ પાણી છોડી રહ્યા છે. ક્યાંક હેન્ડપંપમાં ટેકનિકલ ખામી સર્જાતાં બંધ થયા છે તો ક્યાંક પાણીનાં તળ ઉંડાં ઉતરતાં હેન્ડપંપ માત્ર શોભાના ગાંઠીયારૂપ બની ગયા છે. આ સંજોગોમાં હેન્ડપંપ જીવંત રાખવા માટે વધુ ઉંડા કરવાની સ્થિતિ આવી પડી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પાણી પુરવઠા વિભાગમાં વ્યાપક ભ્રષ્ટ અધિકારીઓ સરકારને ઉંધા ચશ્મા પહેરાવતા હોવાનો આરોપ લાગ્યાં છે, ખાસ કરીને સાબરકાંઠા જિલ્લામાં હેન્ડપંપ અને ઉનાળાનું આગમન થાય તે પૂર્વે ૧૩૦૦ થી વધુ હેન્ડપંપ ખોટકાઈ પડવાની બાબતને તંત્ર ગંભીરતાથી

## સાબરકાંઠા, અરવલ્લીમાં ઉનાળા પૂર્વે ૧૩૮૬ હેન્ડપંપ ખોટકાયા : ૧૮ ટીમો દ્વારા હેન્ડપંપ કાર્યરત કરવા દોડધામ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળા પૂર્વ ૧૩૮૬ હેન્ડપંપ ખોટકાતાં કાળઝાળ અનેક હેન્ડપંપ પાણી છોડી રહ્યાં છે. તંત્રએ પાણી માટે આગોતરા આયોજનના દાવા તો ક્યાં પરંતુ ૨ યોજના આધારીત ૬૧ તળાવમાં પાણી ઠાલવવામાં આવે છે તેમાંથી પણ પાણી ભરાયા પછી ઝડપથી અદ્રશ્ય થઈ રહ્યું છે. ઉનાળામાં પીવાના પાણીની વિકટ સમસ્યાથી પાણીનું સંકટ ઘેરું બને તેવી દહેશત ઉભી થઈ છે પરંતુ તંત્ર દ્વારા યોગ્ય એક્શન પ્લાન અમલી બનાવ્યો નથી. ભ્રષ્ટાચારની ફરિયાદી છે. કેટલાક કિસ્સાઓમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરી રીપેર થયાના જે દાવા થઈ રહ્યા છે તેની પણ પુનઃ તપાસ જરૂરી છે. શિયાળી વિદાય થયો નથી નહીં લે તો ગામડાઓમાં બેડાયુદ્ધની સ્થિતિ નિર્માણ થઈ શકે છે.

# બાયડ પાલિકા વિસ્તારમાં વેરા નહિ ભર્યા તો આવી બન્યું, નળ જોડાણ કપાશે, મિલકતો સીલ થશે

## બાયડ પાલિકાની વેરા વસૂલાત ૭૦ ટકા લઈ જવાનો લક્ષ્યાંક

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

બાયડ પાલિકા વિસ્તારમાં વેરા નહિ ભરતા રીઢા બાકીદારોનું હવે આવી બનશે. બાયડ પાલિકા દ્વારા વેરા બાકીદારોને વારંવાર નોટીસ આપ્યા પછી પણ વેરા ભર્યા નથી. તેવા મિલકત ધારકોના નળ જોડાણ કાપવાની સાથે મિલકતો સીલ થશે. બાયડ પાલિકાની વેરા વસૂલાત ૭૦ ટકા લઈ જવાનો લક્ષ્યાંક છે. વેરા વસૂલાતના આધારે સરકાર દ્વારા ગ્રાન્ટ ફળવાતી હોવાથી બાકીદારોએ પણ બાયડ પાલિકાના સર્વાંગી વિકાસના હિતમાં પોતાના બાકી વેરા ભરવા જોઈએ તેમ પાલિકા ચીફ ઓફિસર સાવીબેન સોનીએ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની તમામ ૮ નગરપાલિકા વિસ્તારોમાં વેરા વસૂલાત ઝુંબેશને સઘન બનાવવા નગરપાલિકા વિસ્તાર કમિશ્નર દ્વારા આદેશ આપવામાં આવ્યા છે અને દર સપ્તાહે વેરા વસૂલાતના આંકડા મોકલવાની તાકિદ કરવામાં આવી છે. કોરોનાનું સંક્રમણ અને ધંધા-રોજગારને માઠી અસર પહોંચી હોવાથી નગરપાલિકાઓની વેરા વસૂલાત ઝુંબેશને માઠી અસર પહોંચી હતી પરંતુ ઓછા વેરા વસૂલાત થતાં નગરપાલિકાઓની ગ્રાન્ટ ફાળવણી નીતિને માઠી અસર પહોંતે તેવી સંભાવના છે જેના કારણે હિંમતનગર, મોડાસા, તલોદ, પ્રાંતિજ, વડાલી, ઈડર, ખેડબ્રહ્મા અને બાયડ પાલિકા દ્વારા રીઢા બાકીદારોને નોટીસો આપ્યા પછી કેટલીક પાલિકાઓમાં સીલીંગની કાર્યવાહી કરવામા આવી હતી. બાયડ પાલિક દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોથી વેરા નહી ભરતા બાકીદારોને વારંવાર તાકીદ છતાં પણ વેરા ન ભરતાં આખરી નોટીસો પાઠવવામાં આવી હતી તેમ છતાં પણ વેરા નહિ ભરાતાં બાયડ પાલિકા દ્વારા રીઢા બાકીદારોના નળ કનેક્શન અને મિલકત સીલ કરવાનો નિર્ણય લેવાયો છે.

### પાલિકાના વિકાસમાં સહયોગ આપો : ચીફ ઓફિસર

બાયડ પાલિકા ચીફ ઓફિસર સાવીબેન સોનીએ જણાવ્યું કે બાયડ પાલિકાએ રીઢા બાકીદારોને વારંવારની નોટીસ આપવા છતાં પણ વેરો ન ભરતાં હવે નળ કનેક્શન તેમજ મિલકત સીલ કરવાની કામગીરી આગામી સોમવારથી શરૂ થશે. જેથી બાકીદારો બાયડ પાલિકાના વિકાસમાં સહભાગી બની તેમના બાકી વેરા ઝડપથી ભરે તેવી વિનંતિ કરી છે. વેરા નહિ ભરનારા બાકીદારોની મિલકતોની સીલીંગ કરવાની કાર્યવાહી પણ સોમવારથી શરૂ થશે.

### બાયડ પાલિકા વિસ્તારમાં ટ્રાફિક ડ્રાઈવ ક્યારે, સિનિયર સીટીજનોનો વલોપાત

બાયડ પાલિકા વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા વધુ વિકટ બની છે. ફૂટપાથ ઉપર આડેધડ લારીઓ અને વાહનો ઉભા રહેતાં હોવાથી સિનિયર સીટીજનોને અવર-જવરમાં મુશ્કેલી પડી રહી છે. બાયડ પાલિકા દ્વારા વિકાસપથ અવર-જવર માટે ખુલ્લો કરવાની સાથે દર સપ્તાહે બે વાર ટ્રાફિક ડ્રાઈવ થાય તો વિકરાળ બનેલી ટ્રાફિક સમસ્યા હળવી થશે તેમ વેપારીઓ અને સિનિયર સીટીજનો જણાવી રહ્યા છે.

# ખોખરીયા પંથકમાં ઘઉંનો ઉભો પાક પીળો પડતાં ખેડૂતોને ફટકો

## માવઠા બાદ બદલાયેલા વાતાવરણની અસર..!! : ખેતી વિભાગ અજાણ

બાયડ, તા. ૨

મેઘરજ તાલુકાના ખોખરીયા પંથકમાં ઘઉંનો ઉભો પાક પીળો પડતાં ખેડૂતોને ઉત્પાદનમાં ફટકો પડવાની દહેશત છે. માવઠા બાદ બદલાયેલા વાતાવરણની અસર ખેતી ઉપર જોવા મળી છે ત્યારે સ્થાનિક ખેતી વિભાગ પાક પીળો પડવા બાબતે અજાણ હોવાની વિગતો સામે આવી છે.

જિલ્લામાં રવી સીઝનની ખેતીમાં અનેકવાર હવામાનમાં બદલાવ આવ્યા છે. કમોસમી માવઠું તેમજ કાતિલ ઠંડીના કારણે ઓણ સાલ ઉત્પાદનમાં ઘટાડો થવાની દહેશત વચ્ચે મેઘરજ તાલુકાના ખોખરીયામાં ખેડૂત લક્ષ્મણભાઈ પરમારના ખેતરમાં વાવેતર કરેલ ઘઉંનો પાક પીળો પડી જતાં સ્થાનિક ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. થોડાક સમય અગાઉ પંથકમાં કમોસમી માવઠું વરસ્યું હતું અને ત્યારબાદ કેટલાક ખેતરોમાં ઘઉંનો પાક પીળાશ પડતો જોવા મળ્યો છે. ક્યા કારણોસર તૈયાર ઘઉંનો પાક પીળો પડી રહ્યો છે તે આ ટ્રાયબલ વિસ્તારના ખેડૂતો સમજી શક્તા નથી પરંતુ આજ પ્રકારે અન્ય ખેતરોમાં પણ ઘઉંનો પાક પીળો પડ્યો તો ઉત્પાદનમાં ઘટાડાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. શિયાળુ ખેતી પાકમાં ખેડૂતોએ સમયસર સિંચાઈનાં પાણી અને રાસાયણિક ખાતરો આપી વિષમ હવામાનથી નષ્ટ થતી ખેતીને બચાવી લીધી પરંતુ હવે ફરીથી ઉભા પાક માટે વાતાવરણ નુકસાનરૂપ જણાઈ રહ્યું છે.



# ખેડબ્રહ્મામાં દાદી ડાકણ બની

## દાદીએ પૌત્રને માથામાં બોથડ પદાર્થ મારીને મારી નાંખ્યો : આજના સમયમાં દાદીઓ દાનવ બની રહી છે : દાદીએ હત્યાને અકસ્માતમાં ફેરવવાનો પ્રયાસ કર્યો, બીજા પૌત્ર-પાડોશીઓની મદદથી હત્યારી દાદીનો ભાંડો ફુટ્યો

ખેડબ્રહ્મા,તા.૨

હિન્દુ શાસ્ત્રોમાં ઘરમાં વૃદ્ધોનુ સ્થાન બાળકોને સંસ્કાર આપવાનુ હોય છે. બાળકો સૌથી વધુ સમય દાદા-દાદી સાથે વિતાવતા હોય છે. એક સમય હતો જયારે દાદીઓ પૌત્રોને વાર્તાઓ કહીને તેમના જ્ઞાનમાં વધારો કરતી હતી. પરંતુ આજના સમયમાં દાદીઓ દાનવ બની રહી છે. ઉત્તર ગુજરાતના ખેડબ્રહ્મામાં એક દાદીએ દોઢ વર્ષના પૌત્રને માથામાં બોથડ પદાર્થ મારીને મારી નાંખ્યો હતો. એના બાદ ચતુર દાદીએ હત્યાને અકસ્માતમાં ફેરવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બીજા પૌત્ર અને પાડોશીઓની મદદથી હત્યારી દાદીનો ભાંડો ફુટ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખેડબ્રહ્મામાં રહેતા મુકેશભાઈ ઉદાજી ઠાકોરના લગ્ન દસ વર્ષ પહેલા વાઘેશ્વરીના વીનાબેન કોદરવી સાથે થયા હતા. લગ્ન બાદ તેમનો સંસાર સુખેથી ચાલતો હતો. જેમાં બે બાળકોનો જન્મ થયો હતો. પરંતુ લગ્નના થોડા વર્ષો બાદ વીનાબેન ૪ વર્ષનો દીકરો ઋત્વિક અને દોઢ વર્ષના શૈલેષને મૂકીને પોતાના પિયર જતા રહ્યા હતા. બીજી તરફ, બાળકોને ઉછેરવાની જવાબદારી દાદી ચંદ્રિકાબેન પર આવી હતી.

મુકેશભાઈ સંતાનોને દાદી પાસે છોડીને મજૂરી કામે જતા હતા. ત્યારે ૨૪ જાન્યુઆરીના રોજ ચંદ્રિકાબેને મુકેશભાઈને ફોન કરીને કહ્યુ હતું કે, નાનો દીકરો શૈલેષ અચાનક બીમાર પડ્યો છે અને તેણે શ્વાસ છોડી દીધો છે. તે સમયે ઉદયપુરમાં કામ કરતા મુકેશભાઈ તાત્કાલિક ખેડબ્રહ્મા આવવા રવાના થયા હતા. તેઓ તાત્કાલિક ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. જ્યા તેમણે જોયુ કે, મોટા દીકરા ઋત્વિકના ચહેર પર ઈજાના નિશાન હતા. તો નાનો દીકરો શૈલેષ મૃત્યુ પામ્યો હતો. આ મામલે તેમની માતા ચંદ્રિકાબેને તેમને કહ્યુ કે, બંને છોકરા સાંજે ઘરની બહાર રમતા હતા અને અંધારૂ થતાં જમાડીને ખાટલામાં સૂવાડ્યા બાદ રાત્રે આઠેક વાગ્યે શૈલેષના મોઢામાંથી લાળ ટપકવા માંડી હતી અને મોત નિપજ્યુ હતું. ઋત્વિકને શરીરે અનેક ઈજાઓ હતી. તો બીજી તરફ પાડોશીઓને પણ ચંદ્રિકાબેન પર શંકા ગઈ હતી. કારણ કે, બનાવની રાતે ઘરમાંથી બંને બાળકોના રડવાનો અને ચંદ્રિકાબેનની બૂમો પાડવાનો અવાજ આવતો હતો. જેથી પી.એમ રિપોર્ટ આવતા પોલીસે ચંદ્રિકાબેનની આકરી પૂછપરછ કરી હતી, જેમાં તેમણે પોતાનો ગુનો કબૂલ્યો હતો. ચંદ્રિકાબેને ભોંયતળીયે પછાડીને બંને બાળકોને માર માર્યો હતો. જેમાં શૈલેષનુ મોત નિપજ્યુ હતું. આમ, એક દાદીએ જ દાનવ બનીને માસુમનુ મોત નિપજાવ્યુ હતું. મુકેશભાઈએ માતા ચંદ્રિકાબેન સામે દીકરાના હત્યા કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મનરેગા યોજનામાં શ્રમિકોને નાણાં ન મળતાં ખેડબ્રહ્માના ધારાસભ્યનું આવેદન

બાયડ, તા. ૨

મનરેગા યોજનામાં કામ કરતા શ્રમિકોને નાણાં મળતાં ન હોવાના આક્ષેપ સાથે ખેડબ્રહ્માના ધારાસભ્યએ સાબરકાંઠા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. શ્રમિકોને તાત્કાલિક બાકી નાણાં નહીં ચૂકવાય તો આગામી તા. ૯ના રોજ ઉપવાસ આંદોલન ઉપર બેસવાની ધારાસભ્યએ ચીમકી ઉચ્ચારી છે.

જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં મનરેગા હેઠળ ચાલતા કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતી હોય છે. શ્રમિકોની ખોટી હાજરી બતાવી મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની અનેક ફરિયાદો અગાઉ ઉઠી છે પરંતુ મનરેગાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર હજુય ઢાંકેલો રહ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં ચાલતા મનરેગા હેઠળના કામોમાં કામ કરનાર મજૂરોને ગણા સમયથી મજુરીનાં નાણાં આપવામાં આવ્યાં નથી જેથી ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલે આ મુદ્દે સરકાર અને વહીવટીતંત્રને ભીંસમાં લેવાનો પ્રયાસ કર્યો છે. ગતરોજ ધારાસભ્યએ આ મુદ્દે તાત્કાલિક મજૂરીનાં નાણાં ચૂકવવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન આપ્યું છે. મનરેગાના શ્રમિકોને નાણાં ન અપાતાં તેમની આર્થિક પરિસ્થિતિ કફોડી બની છે જેથી જો તેમની માંગ તાત્કાલિક સ્વીકારવામાં નહીં આવે તો ધારાસભ્યએ ઉપવાસ આંદોલન ઉપર બેસવા માટે તૈયારી કરી છે.

# રસુલપુરમાં એક જ પરિવારની બે બહેનો સપ્તાહમાં ગુમ

મોડાસા તાલુકાના રસુલપુર ગામના મકવાણા પરિવારની બે સગી બહેનો એક સપ્તાહમાં રહસ્યમય રીતે ગુમ થઈ છે. જેમાં પ્રથમ નાની બહેન મંદિરે દર્શન કરવા ગયા પછી અને ત્યારબાદ મોટી બહેન દૂધ મંડળીમાં દૂધ ભરવા જતાં ગાયબ થઈ છે. બંને સગી બહેનો ગુમ થતાં ચિંતિત પરિવારે મોડાસા ગ્રામ્ય પોલીસને જાણ કરી છે.

યુવતીઓ, મહિલાઓ ગુમ થવાના બનાવ ભેદ ભરમવાળા બની રહ્યા છે. મોડાસાના રસુલપુરના ગતસિંહ હેમંતસિંહ મક્વાણાની પુત્રી હિરલ (ઉ.૨૨ વર્ષ) તા. ૨૪ના રોજ ઘરેથી મહાદેવપુરા ગામે મહાદેવના મંદિરે દર્શન માટે જવાનું કહી નિકળ્યા પછી ગુમ થઈ હતી. પરિવાર ગુમ સુદા પુત્રીની શોધખોળ કરે તે પહેલાં અન્ય સોનલ મક્વાણા (ઉ. ૨૬ વર્ષ) પણ તા. ૨૯ના રોજ સવારે ડેરીમાં દૂધ ભરવા માટે જવાનું કહી ઘરેથી નિકળ્યા પછી ગાયબ થઈ છે. એક સપ્તાહમાં એક જ પરિવારની બે બહેનો ગુમ થતાં અનેક અટકળો થઈ રહી છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોના સંક્રમણ ઘટ્યું, લગ્નના અવસરોમાં ૫૦૦ લોકોને બોલાવાની છૂટ આપો

## માત્ર ૧૫૦ લોકોની મર્યાદા હોવાથી અનેક પરીવારોમાં નારાજગી

બાયડ તા.૦૨

સાબરકાંઠા-અરવલ્લી સહીત રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે. આગામી સોમવારથી ધો. ૧ થી ૯ ના ઓફલાઈન વર્ગો શરૂ થવાની સંભાવના છે. આવતીકાલથી જિલ્લામાં લગ્નસરાના અવસરો શરૂ થઈ રહ્યા છે ત્યારે અગાઉની કોરોનાની સ્થિતિ ધ્યાને લઈ માત્ર ૧૫૦ લોકોની મર્યાદા હતી પરંતુ હવે કોરોના સંક્રમણ અંકુશમાં આવી રહ્યું છે ત્યારે સરકાર દ્વારા લગ્ન સહિત શુભઅવસરોમાં ૫૦૦ લોકોને બોલાવવાની છૂટ આપવામાં આવે તેવી લગ્નના અજમાનોએ માંગ કરી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહથી લગ્નના અવસરોનો મહાકુંભ શરૂ થઈ રહ્યો છે. ઠંડીની તિવ્રતા પણ ઘટતાં લગ્નના યજમાનોએ અત્યારે તો રાહતનો દમ લીધો છે. જ્યારે સરકારના ઉચિત પગલા અને આરોગ્ય વિભાગની સતત તકેદારીના કારણે રાજ્યમાં કોરોનાની ત્રીજી લહરે હવે ધીમી પડી છે. સાબરકાંઠા-અરવલ્લીમાં પણ કોરોના સંક્રમણમાં પણ ૭૦ ટકા જેટલો ઘટાડો થયો છે. તમામ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. કોવિડ હોસ્પિટલોના તમામ બેડ ખાલી છે. તેના ઉપરથી એકતારણ બહાર આવ્યું છે કે વૅક્સિનેશનના કારણે કોરોનાની ત્રીજી લહેરમાં ભલે સંક્રમિત દર્દીઓની સંખ્યા વધતી હોય પરંતુ કોઈ મોટું જોખમ નથી અને દર્દીઓ ઝડપથી સાજા થઈ રહ્યા છે. જે એક સારી નિશાની છે. જ્યારે લગ્નના અવસરોમાં કોરોનાની ત્રીજી લહેર વકરતાં કેટલાંક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા પરંતુ હવે રાજ્ય સરકારે માનવીય અભિગમ દાખવી ૫૦૦ લોકોને બોલાવવાની છૂટ આપવી જોઈએ જેથી લગ્નના અવસરોમાં સબંધીઓનો રાજીપો જળવાઈ રહે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં સવાર થી સાંજ ૧૭ ડીગ્રી તાપમાનનો તફાવત

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડી જનઆરોગ્ય માટે જોખમી બન્યા પછી હવે વાતાવરણમાં પલ્ટો આવ્યો હોય તેમ મિશ્ર ઋતુ અનુભવાઈ રહી છે. જિલ્લામાં છેલ્લા બે દિવસથી સવાર અને સાંજના તાપમાનમાં સરેરાશ ૧૭ ડીગ્રી તાપમાનનો તફાવત રહેતાં ખાસ કરીને બાળકો માંદગીમાં સપડાય તેવી ભીતી સેવાઈ રહી છે.

આ વર્ષે ગત વર્ષના શિયાળા કરતાં પણ ઠંડીના પ્રમાણમાં અનેક ગણો વધારો અનુભવાતાં ધરતી ઉપર હીમયુગની આહટ સંભળાતી હોય તેવું સૌ કોઈ બોલી રહ્યા છે. જિલ્લામાં ભૂતકાળના વર્ષોમાં ઠંડી કાતિલ સાબિત થઈ નથી તેટલી આ વર્ષે સાબિત થઈ છે અને કડકડતી ઠંડીમાં ૪ થી વધુ લોકો મોતના મુખમાં ધકેલાઈ જતાં શિયાળો કાતિલ સાબિત થયો છે ત્યારે છેલ્લા બે દિવસથી હવામાનમાં ભારે તફાવત નોંધાયો હોય તેમ સવાર થી સાંજના તાપમાનમાં ૧૭ ડીગ્રીનો તફાવત રહેતો હોવાથી જનઆરોગ્ય ઉપર ખતરો તોડાઈ રહ્યો છે. જિલ્લામાં કડકડતી ઠંડીમાં એકાએક તાપમાનનો ચઢાવ-ઉતાર આરોગ્ય માટે ચિંતાનો વિષય બન્યો છે.